ભરતી કેલેન્ડર મુજબ જગ્યાઓ મર્જ કરી નામાભિધાન કરવા અંગે.

વર્ગ-૧ ની જગ્યાનું નામાભિધાન " **નાયબ નિયામક**" અને વર્ગ-૨ની જગ્યાનું નામાભિધાન " **સમાજ કલ્યાણ અધિકારી** " કરવા અંગે.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક. મકમ/૧૦૨૦૧૪/નામાભિધાન/જ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ. ૯/૪/૨૦૧૫

સંદર્ભ:-(૧)-સામાન્ય વહિવટ વિભાગનાં તા.૩/૨/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક.આર.એસ.કે/૧૦૨૦૧૪/૨૩૦૦(૨૧)આર.
(૨)- સામાન્ય વહિવટ વિભાગનાં તા.૩૦/૧/૨૦૧૪ના ઠરાવ .એસએનઆર/૧૦૨૦૦૮/૪૮૭૪૩૧/ગ.૫

**પ્રસ્તાવના:-**

વંચાણમાં લીધેલા તા.૩/૨/૨૦૧૪ના સામાન્ય વહિવટ વિભાગનાં ઠરાવમાં દર્શાવ્યા મુજબ અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતામાં આવેલ નાયબ નિયામક, જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી અને તકેદારી અધિકારી,વર્ગ-૧ની જગ્યાઓ મર્જ કરી નાયબ નિયામક.વર્ગ-૧નું નામ નામાભિધાન કરવા તથા સમાજ કલ્યાણ અધિકારી,હાઉસ માસ્ટર,પ્રયોગ કેન્દ્ર સંચાલક,મેનેજર,વર્ગ-૨ની જગ્યાઓ મર્જ કરી સમાજ કલ્યાણ અધિકારી,વર્ગ-૨નું નામાભિધાન કરવાનો નિર્ણય કરવામાં આવેલ હતો.આ નિર્ણયને અનુસંધાને ઉપરોક્ત જગ્યાઓ મર્જ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળની

(૧) નાયબ નિયામક, જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી અને તકેદારી અધિકારી,વર્ગ-૧ની સમાન પગાર ધોરણવાળી જગ્યાઓ મર્જ કરવામાં આવે છે અને મર્જ કરેલ જગ્યાઓનું નામાભિધાન નાયબ નિયામક,વર્ગ-૧ નક્કી કરવામાં આવે છે.

(૨) સમાજ કલ્યાણ અધિકારી, હાઉસ માસ્ટર, પ્રયોગ કેન્દ્ર સંચાલક તથા મેનેજર,વર્ગ-૨ની સમાન પગાર ધોરણવાળી જગ્યાઓ મર્જ કરવામાં આવે છે અને મર્જ કરેલ જગ્યાનું નામાભિધાન સમાજ કલ્યાણ અધિકારી વર્ગ-૨ નક્કી કરવામાં આવે છે.

હાલમાં અસ્તિત્વમાં રહેલ ઉપરોક્ત જગ્યાઓ હવે પછી અનુક્રમે નાયબ નિયામક અથવા સમાજ કલ્યાણ અધિકારીના નામાભિધાનથી ઓળખાશે. તથા હવે પછી જે નવી જગ્યાઓ મંજૂર કરવામાં આવશે તે નાયબ નિયામક,વર્ગ-૧ અથવા સમાજ કલ્યાણ અધિકારી,વર્ગ-૨ના નામાભિધાન સાથે મંજૂર કરવાની રહેશે.

નામાભિધાનમાં ઉપરોકત વિગતે ફેરફાર થતાં સંબંધિત જગ્યાના ભરતી નિયમોમાં તદ્નુસાર સુધારો કરવાના અથવા નવેસરથી બનાવવાના રહેશે.

નાયબ નિયામક,વર્ગ-૧ તથા સમાજ કલ્યાણ અધિકારી,વર્ગ-૨ સંવર્ગની પ્રવરતા વંચાણમાં લીધેલા સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦/૧/૨૦૧૪ના ઠરાવની સુચનાઓને ધ્યાને લઇ નિયત કરવાની રહેશે.

આ ઠરાવ સામાન્ય વહીવટ વિભાગના તા.૩-૨-૨૦૧૪ના ઠરાવ નંઆર.એસકે/૧૦૨૦૧૪/૨૩૦૦(૨૧)/આર.થી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કમલેશ શાહ)
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,

-માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર.
- માન.અધિક મુખ્ય સચિવશ્રીનાં અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર.
-અગ્રસચિવશ્રી(ક,ગ) ના અંગત સચિવશ્રી સામાન્ય વહિવટ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
-સચિવશ્રી (ખર્ચ) ના અંગત સચિવશ્રી નાંણા વિભાગ સચિવાલય, ગાંધીનગર.
-નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણ ૪/૨ ડો જીવરાજ મહેતા ભવન અંગત સચિવશ્રી ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- ગુજરાત જાહેર સેવા આયોગ બહુમાળી મકાન, લાલ દરવાજા અમદાવાદ.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી
-સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ / જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ
-અ,છ,ગ,ખાતએ શાખાઓ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય, ગાંધીનગર.
-સિલેકટ ફાઈલ
- સે.ક.શ્રી (કોમ્પ્યુટર સેલ), સા.ન્યા.અ.વિ. આજ ઠરાવને
વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.